સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ચડી હેચકી અર્થતંત્ર હવે આંચકા ભરે છે!
છતાં બેનબા સીતારામન હજી પાંચકા રમે છે!
ભરે છે ડચકાં, આવડત વિનાના કરે ઉપાય -
નિષ્ણાત કોઈ નથી છતાં અંધારે બાચકા ભરે છે...

હાઈકુ

મક્કમ નથી -
ઉદ્ધવ, દહીં-દૂધે
રાખે છે પગ...
(શિવસેના ડગુમગુ!)

નાક ઉપર
બેઠી 'આપ'ની માખી!
ઉડાડે કેમ ?
(તલવાર તો મરાય નહીં?)

ચિંતન

અપુત્રસ્ય નૃપઃ પુત્રી નિર્ધનસ્ય ધનં નૃપઃ ।
અમાતુર્જનની રાજા હધાતસ્ય પિતા નૃપઃ ॥
અનાથસ્ય નૃપો નાથો હાભર્તુઃ પાર્થિવ પતિ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

રાજા કેવો હોય ? રાજયનું સંચાલન કરનાર કેવો હોય ? રાજયમાં કોઈને પુત્ર ન હોય તો રાજા તેનો પુત્ર બની જાય. કોઈ વૃદ્ધ પરિવાર હોય કે જે અપુત્ર હોય તો રાજાનું કર્તવ્ય છે કે તેવા પરિવારનો પુત્ર તે સ્વયં બને. જેની પાસે ધન નથી તેનું ધન રાજા સ્વયં બને. બહુ અદ્ભૂત વાત છે.

આ કઠીન છે, પરંતુ કયારેક ને કયારેક તો કોઈએ આવું કરવું પડશે. ત્યારે રામરાજય આવશે બાકી તો રામરાજયના કેવળ નારા જ લાગતા રહેશે. જે અનાથ છે તેનો નાથ, રાજા બને, તેનો રક્ષક બને. સેવકનો સ્વામી બને. જે વ્યક્તિના ઘરમાં સેવક ન હોય તેના પરિવારમાં સેવક બને. કોઈ પણ રાજામાં અન્વેષણાત્મક બુદ્ધિ હોવી જોઈએ. તેની પાસે ત્રયી વિદ્યા હોવી જોઈએ અને તેની પાસે દંડ હોવો જોઈએ.

સુવિચાર

- જો શાંતિની સતત અનુભૂતિ જોઈતી હોય તો લોકપ્રિયતાથી બચો - **લિંકન**
- યહાં કોઈ અપના નહીં હૈ, યહ ઈતના બડા સત્ય હૈ!
  ઈસસે કભી લડતા મત, સ્વીકાર હી કર લેના - **રજનીશ**
- માટીનાં બંધનથી મુક્તિ એ વૃક્ષ માટે આઝીદી નથી - **જીવનપાથેય**
- તારું અંધારું દે મને, હું તને દિવો આપું, મારામાં આસ્થા તું સ્થાપ,
  ને હું તારામાં શ્રદ્ધા સ્થાપું - **એસ. ભટ્ટાચાર્ય**
- ભલેને અટપટા એક સો દાખલો છે સંબંધોમાં,
  પણ અહમ્‌ને બાદ કરો તો જવાબ સહેલો જ છે - **બોધિવૃક્ષ**
- જેને પોતાનો જ ભય લાગતો હોય એના સપના સાકાર થતા નથી - **સ્ટીફન કોવી**
- આજનું ઔષધ : અંકુરિત મેથીના દાણાનું નેવું દિવસ સુધી સેવન એક ચપટી કરવાથી ત્વચાના રિંકલમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કૉલેજના પ્રથમ વર્ષમાં ભણતો યુવાને એક સુંદર વાર્તા લખી. ભાષાની દષ્ટિએ એને સરસ મઠારી. તેને વિશ્વાસ હતો કે તેના શહેરના પ્રખ્યાત સામયિકમાં તે જરૂર છપાશે. આશાસ્પદ યુવાન તે સામયિકનાં તંત્રીને રૂબરૂ મળીને વાર્તા આપી. તંત્રીએ કહ્યું 'હમણાં કામનો બહુ ભાર ચાલે છે તો હમણાં વાંચી શકીશ નહીં પણ આવતા અઠવાડિયે આવજે.' યુવાન અઠવાડિયા પછી તંત્રીને મળવા ગયો ત્યારે તંત્રીએ વિચિત્ર વર્તન કર્યું. તેમણે યુવાનની વાર્તા પરત આપવાની બદલે તેમણે કાગળને કચરાટોપલીમાં ફેંકતા કહ્યું, 'તમે તો નવરા છો. અને કંઈ પણ લખ્યા કરશો. પણ મારી પાસે આવું બધું નકામું વાંચવાનો સમય નથી. મારો સમય બગાડ. આ વાર્તા નકામી છે અને તે છાપીશ પણ નહીં. અને વાચકો પણ આ વાર્તા નકારશે જ. તું જીવનમાં લેખક બનવાના સપના છોડ અને કંઈક બીજું નાનું મોટું કામ શોધ. તું ફરી અહીં કદી ન આવીશ.' યુવાન કંઈ જ ન બોલ્યો, નિરાશ થઈ ઘરે આવ્યો અને માતાને બધી વાત કરી. માતાએ તેને સાંત્વના આપતા કહ્યું, 'બેટા, તારે લખવાનું ચાલું જ રાખવાનું છે. રોજ જે કંઈ લખાય તે હું જરૂરથી વાંચીશ. મને જરૂર વિશ્વાસ છે કે તારું લખાણ એક દિવસ જરૂર મોટા સામયિકમાં કે સમાચારપત્રમાં છપાશે અને સૌ તેને વાંચી વધાવશે.' માતાએ યુવાનને પેન આપી ને કહ્યું, 'ચાલ લખવા માંડ અને કયારેય અટક્યો નહીં અને કદી બોલતો નહીં કે હવે હું નહી લખું.' માતાની વિશ્વાસ સભર વાત સાંભળી યુવાનની હતાશા દૂર થઈ તેણે લખવાનું શરૂ કર્યું. અને ત્રણ વર્ષમાં જ તે રશિયાનો સારો લેખક એલેક્સ કલેરિક્સ તરીકે ઓળખાયો.

ન્યાયપાલિકાનો પુણ્યપ્રકોપ ચિંતાજનક

તંત્રીસ્થાનેથી...

સુપ્રીમ કોર્ટને વારંવાર સરકાર અને સરકાર દ્વારા છાવરવામાં આવતા ધનકુબેરો સામે લાલ આંખ કરવી પડે છે તે લોકશાહી રાષ્ટ્ર સામે શરમજનક બાબત પણ છે એ પડી ભાંગેલી સિસ્ટમ સંદર્ભે ચિંતાજનક પણ છે. ટેલિકોમ કંપનીઓએ ૨૩મી જાન્યુઆરી સુધીમાં એજીઆરના ૧.૪૭ લાખ કરોડ રૂપિયા ચૂકવી દેવાના સુપ્રીમ કોર્ટના આદેશને કંપનીઓ ઘોળીને પી ગઈ છે. એમને ટેલિકોમ્યુનિકેશન વિભાગનો પણ સીધો ટેકો મળેલ છે, જેના સંબંધિત અધિકારીએ કોર્ટના આદેશને કચરાટોપલીમાં નાખી દઈ મનમાની કરેલ છે. આથી દેખીતી રીતે જ સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓને અપમાન લાગ્યું છે જેની પ્રતિક્રિયા એમના દર્દભર્યા નિરીક્ષણોમાં અને સોલિસિટર જનરલને કરેલ સૂચનમાં વ્યક્ત થયું છે. આ પ્રકારની પીડા ભાગ્યે જ અગાઉ કોઈ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશે વ્યક્ત કરી હશે. જસ્ટિસ અરુણ મિશ્રાની બેન્ચના આ શબ્દો જ નેત્રદીપ છે : 'હું હેરાન પરેશાન છું. કોર્ટના આદેશ છતાં એક પાઈની ચુકવણી થઈ નથી. આ દેશમાં શું થઈ રહ્યું છે ? શું કોર્ટના આદેશની કોઈ કિંમત જ નથી રહી ? શું દેશમાં કોઈ કાયદો બચ્યો નથી ? સુપ્રીમ કોર્ટને બંધ કરી દઈએ ! અહીં રહેવા કરતાં દેશ છોડવામાં જ શ્રેય છે. આ દેશમાં પૈસાની તાકાતથી કોઈ કંઈ પણ કરી શકે છે....' આ પુણ્યપ્રકોપ કેન્દ્ર સરકારના સોલિસિટર જનરલ તુષાર મહેતાને જીરવવો આકરો પડ્યો હોય તે સ્વાભાવિક છે. જસ્ટિસ મિશ્રાએ કડક ભાષામાં પૂછ્યું કે ટેલિકોમ વિભાગ વતી કોણ આ લોકોની તરફદારી કરી રહ્યું છે ? ટેલિકોમ વિભાગે એવું જાહેરનામું કેવી રીતે બહાર પાડી દીધું કે હાલ ચુકવણી નહીં કરવા બદલ કંપનીઓ સામે કશી કાર્યવાહી નહીં થાય ? એક ડેસ્ટ ઓફિસર સુપ્રીમ કોર્ટના આદેશ પર સ્ટે મૂકી શકે છે ! આ સુપ્રીમ કોર્ટનું હળાહળ અપમાન જ ગણાય. વળી એ અપમાન ગળી જવાની સુપ્રીમ કોર્ટની તૈયારી નથી. એ અપમાન એને કાળજે જતું ભોકાંયું છે એથી વ્યથિત થઈને વધુમાં વધુ ઉગ્ર ભાષામાં જસ્ટિસ મિશ્રાએ અદાલતની વેદના વ્યક્ત કરી છે એટલું જ નહીં, એમણે આવા અનાદર પાછળ કયાં પરિબળો પડેલાં છે. વાછરડું ખીલાના જોરે કૂદતું હોય છે એ ન્યાયે આ ડેસ્ક ઓફિસર પાસે સુપ્રીમના આદેશ પર સ્ટે આપનારાં સત્તાવાહી પરિબળો કયાં છે, એની પણ ન્યાયપાલિકાએ રાવ નાખી છે. છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન ન્યાયપાલિકાની સત્તાને અંકુશમાં લેવાની સરકારી સ્તરે પ્રયાસો થતા રહ્યા છે. ન્યાયાધીશોની બઢતી અને નિમણૂકમાં પણ સરકારનો હસ્તક્ષેપ વધવા પામ્યો છે. ગુજરાત હાઈકોર્ટના જજ જસ્ટિસ આકિલ કુરેશીને મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક આપવામાં સરકારે ઊભી કરેલી આડખીલીઓથી અદાલતી વિશ્વ વાકેફ છે. એવું જ ન્યાયમૂર્તિ ધર્માધિકારી સંદર્ભે બનતાં સ્વાભાવિક રીતે જ સ્વાયત્ત ગણાતી ન્યાયપાલિકાને પોતાની સત્તા પર તરાપ આવતી વરતાઈ રહી છે. ટેલિકોમ કંપનીઓ પાસેથી સરકારને કરોડો રૂપિયા લેણા નીકળે છે, છતાં એ નઘરોળ બનીને મુદત પર મુદત પડાવતી રહી છે. ધનકુબેરોની આ ચેષ્ઠા સામે સરકાર ઝૂકી જતી હોય અને એમને અનુકૂળ થઈ જવાનું વલણ દાખવતી હોય તો તંદુરસ્ત લોકશાહી માટે એ સારી એંધાણી નથી. આથી જસ્ટિસ અરુણ મિશ્રાની આગેવાની વાળી બેન્ચે તાબડતોબ આ કંપનીઓનાં લેણાં નીકળતાં નાણાં વસૂલ કરવા સરકારને સૂચન કર્યુંછે અને કંપનીઓના હાકેમોને આદેશ કર્યો છે. સુપ્રીમના આદેશના અમલ પર સ્ટે આપનાર ઓફિસર સામે પણ પગલાં લેવાની ફરજ પડશે એવું સ્પષ્ટ શબ્દોમાં જણાવી ન્યાયપાલિકાએ એની સત્તા સામે પડકારરૂપ બનનાર પરિબળોને એમની હેંસિયત બતાવી દીધી છે. દેશ રહેવા લાયક નથી રહ્યો - ત્યાં સુધીનો આક્રોશ સુપ્રીમની ન્યાય દેવડીથી અભિવ્યક્ત થાય ત્યારે સત્તાધીશોએ સમજી લેવું જોઈએ કે પાણી માથા પરથી વહી રહ્યું છે.

વાલી મિત્રો, પહેલાં તમે સુધરો પછી બાળકને સુધારો

રંગ-ઉમંગ
કાનન ઓઝા

ગત અઠવાડિયે એક દુઃખાનંદ અપાવે તેવા વર્તન અને વિચારો જોવા-જાણવા મળ્યા. પ્રસંગ હતો ઘાટલોડિયાની એક શાળામાં વાલીઓ સાથે ગોષ્ઠિનો. વાલીઓ સાથે લગભગ એ બ કલાક ગાળ્યા. વાલીઓ તેમના વિચારો, તેમની સમસ્યાઓ જણાવવા અને શક્ય ઉકેલની શોધમાં આવ્યા હતા. વાલીઓને આ રીતે એકત્ર કરવાનું માન જે તે શાળાના આચાર્યા ડોલીબેનને જાય છે.આ એ આચાર્યો છે કે જેઓને પોતાની શાળાના બાળકોની ચિંતા ઊંઘવા પણ દેતી નથી એમ કહું તો અતિશયોક્તિ નહીં ગણાય. જે તે પ્રસંગમાં આમંત્રણ આપવા આવ્યા ત્યારે તેમના દિલ અને દિમાગનો પરિચય થયો. પોતાના બાળકોની ચિંતા કરતાં વાલી કરતાં આ આચાર્યાબેન વધુ ચિંતિત લાગ્યા. માત્ર ચિંતા જ નહીં, તે અંગે જરૂરી ચિંતન કરવા પણ તેઓ તૈયાર હતા. તેમના મતે વાલીઓ તો સમજતા નથી, પણ આપણે શિક્ષણના માણસોએ વાલીઓનો વાદ લીધા સિવાય બાળકોના વિકાસમાં મંડી પડવું જોઈએ. આમ છતાં વાલીઓનો સહકાર લઈને કામ કરવામાં આવે તો કામમાં સરળતા આવે સાથે પરિક્ષામલક્ષી પણ બને.

આચાર્યા ડૉલીબેનના વિચારો, મહેનત અને લગાવને નમસ્કાર કરવા પડે.

ઉપરોક્ત શાળામાં વાલીઓ સાથે થયેલ ચર્ચા અન્ય શાળાના વાલીઓને પણ લાગુ પડે છે. વાલીઓ સાથે રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે ઘણાં વાલીઓ પોતાના બાળકના અભ્યાસમાં શિક્ષક સાથે સહયોગ સાધતા જ નથી. અરે ! ત્યાં સુધી કે, બાળકના વિકાસાર્થે વાલીને રૂબરૂ ચર્ચા કરવા શાળામાં બોલાવવાં આવે તો વાલીઓ શાળામાં પણ જતા નથી. ત્યારે આવા વાલીઓને કહેવાનું મન થાય કે, ભાઈઓ તમે સદ્ભાગી છો કે તમને સારી શાળા અને ડોલીબેન જેવા આચાર્યા મળ્યા હોય છે. પણ તેનો શક્ય તેટલો લાભ ઉઠાવીને તમારા બાળકનો સર્વાંગી વિકાસ કરવાનું તમને આવડતું નથી કે ફાવતું નથી. જો શાળાના પ્રિન્સિપાલ કે શિક્ષક તમારા બાળકની ચિંતા કરતા હોય તો તમારી પણ કોઈ ફરજ હોય કે નહીં ? પોતાના બાળક માટે દરેક વાલીએ જાગૃત બનવું પડશે, મનન કરવું પડશે, ચોક્કસ પ્રકારના પ્રયત્નો પણ કરવા પડશે. બાળકના અભ્યાસની બધી જ જવાબદારી શાળા પર છોડવાથી નહીં ચાલે. જેમ શિક્ષકની ચોક્કસ ફરજો છે તેમ વાલીની પણ કેટલી ફરજો છે. આ ફરજો પહેલાં અદા કરો પછી શિક્ષક કે બાળક પાસે અપેક્ષા રાખો.

ચર્ચા દરમિયાન વાલીએ રજૂ કરેલી કેટલીક સમસ્યાઓ જાણીએ. જેમ કે બાળક ટીવી વધુ જુએ છે... અમારું કહ્યું માનતો નથી, ખોટું ખૂબ જ બોલે છે, પરીક્ષા નજીક આવે ત્યારે ડિપ્રેશન અનુભવે છે, અમુક વિષય સરસ આવડે છે જયારે અમુક વિષય આવડતા જ નથી. અમે નોકરી કરીએ છીએ એટલે પૂરતું ધ્યાન આપી શકતા નથી વગેરે. આવી અનેક સમસ્યાઓ વાલીઓ રજૂ કરેલી. કેટલીક સમસ્યાઓનો ઉકેલ મનોવિજ્ઞાન પાસે છે તો કેટલીક સમસ્યાઓનો ઉકેલ વાલી પાસે છે. અહીં વાલીને પણ મારા તરફથી સમસ્યા મુજબ કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા. જે પ્રશ્ન પર દરેક વાલીએ વિચારવા જેવું છે. બાળક પાસે ટી.વી. જોવા પર કંટ્રોલ રખાવવા માંગતા વાલી પોતે ટી.વી. જોવા પર કંટ્રોલ રાખે છે ? તેમાં પણ બહેનોએ ખાસ વિચારવાનું છે કે રાત્રીના સિરીયલ વખતે તમારું વર્તન કેવું હોય છે ? બાળકને ખોટું કેમ બોલવું પડે છે ? તમારો ભય - ડર તો તેને ખોટું બોલવા નથી પ્રેરતો ને ? ઉપરાંત બાળકની હાજરીમાં તમે કેટલું ખોટું બોલો તો છો તેનો વિચાર કરો છો ખરાં? ટેલિફોન આવે અને ઘરે નથી કે પડોશી વસ્તુ માંગે અને વસ્તુ તૂટી ગઈ છે તેમ ખોટા જવાબ આપતા વાલી પાસેથી બાળક કેવું શીખશે? પરીક્ષા નજીક આવે ત્યારે ડિપ્રેશન અનુભવતા બાળકના વાલીના સૂચનો અને વર્તન કેવાં હોય છે ? (વાંચવા બેસ પરીક્ષા નજીક આવી છે, કોઈ મહેમાનને તમારે ત્યાં મળવા આવવું હોય તો પરીક્ષાને કારણે મુલાકાતની ના પાડવી, કદાચ મહેમાન આવે તો પણ પરીક્ષાની જ ચર્ચા, પરીક્ષા નજીક હોય ત્યારે ઘરમાં ટી.વી. બંધ - બોલવાનું બંધ, બાળક સાથે ચર્ચા ઓછી વગેરે) બાળકોને ડિપ્રેશનમાં ધકેલવા આટલું ઓછું છે ? અમુક વિષય આવડવા કે ન આવડવા બાબતમાં વાલીને પૂછેલું કે, તમને ઓફિસના તમામ કામમાં સરખો રસ છે? બહેનો તમામ પ્રકારની રસોઈ સારી રીતે બનાવતા આવડે છે? કામ આવડવું કે ન આવડવું તે રસની બાબત છે. ગણિત સારું કરી શકતો નથી. ચિત્ર સારું ન પણ દોરી શકે, ગુજરાતીમાં સારું બોલી-લખી શકતો વિદ્યાર્થીને સમાજવિદ્યા ઓછું આવડતું હોય. આમ દરેક સમસ્યાના ચોક્કસ ઉપાય પણ હોય છે. માત્ર જરૂર છે ચોક્કસ ચિંતન કરવાની, યોગ્ય ઉકેલ અપનાવવાની અને ધીરજની.

વાલીઓ સાથેની ચર્ચામાં જાણવા મળ્યું કે, મોટાભાગના વાલીઓ પોતાના બાળકમાં અને શાળામાં પરિવર્તન લાવવા ઈચ્છે છે, પણ પોતાનામાં પરિવર્તન લાવવા તૈયાર નથી. ખરેખર તો શરુઆત વાલીએ કરવી જોઈએ. બાળક તો નાનું છે, ના સમજ છે. જયારે શાળા અને શિક્ષકો તો પારકાં છે. જો તમે તમારા બાળક સાથે સુધરવાની શરુઆત તમારા તરફથી નહીં કરો તો અણસમજ બાળક અને પારકી શાળા

અનુસંધાન પાના નં ૭ પર

નવો યુગ, નવી દુનિયા તો વિચારો જુના શા માટે?

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

મિત્રો, આખા જીવન દરમિયાન આપણને આપણું જીવન બદલવાની ઘણી ઓછી તક મળતી હોય છે. આપણને કેટલીયે વાર એવું લાગતું હશે કે આપણામાં જે લાયકાત છે એના કરતા આપણને ઓછું મળ્યું છે. એ પછી નોકરી હોય કે ધંધો. અને આપણી આસપાસ આપણને એવું પણ જોવા મળે છે કે જેનામાં કોઇ આવડત નથી. વધું શિક્ષણ નથી એવા માણસો આપણા કરતા ખુબ વધુ રૂપિયા કમાતા હોય છે. એના એક બે કારણો છે. જેના વિશે આપણે કદી વિચારતા હોતા નથી. એ છે પરિશ્રમ અને સાહસ. આ બે કારણોથી એ વ્યક્તિ ઓછી આવડત હોવા છતાય, ઓછું શિક્ષણ હોવા છતાંય આપણા કરતા વધુ કમાતી હોય છે. અને ત્રીજી સૌથી અગત્યની બાબત એનામાં રહેલી ''તક'' ને ઓળખવાની સમજણ. આ સંદર્ભના ઘણા ઉદાહરણો હું આપી શકું એમ છું. પણ વાત આપણાથી જ જોડાયેલી રહે તો વધુ સારું. આપણે આપણા જીવન વિશે વિચારીશું તો આપણને પણ ઘણીવાર એવી તક મળી હશે પણ આપણે એને ઓળખી નહી શક્યા હોય અથવા એની અવગણના કરી હશે અથવા વ્યક્તિગત કે પારિવારિક વૈચારિક સંકૂચિતતાને કારણે કે આપણા ખુદના શંકાશીલ સ્વભાવને કારણે એ આવેલી ''તક''ને આપણે જવા દીધી હશે. આવા સમયે આપણે ભાગ્યને વચ્ચે લાવીને જાતને સમજાવીએ છીએ. પરંતુ ભાગ્ય પણ જે વ્યક્તિ પરિશ્રમ કરે એની સાથે જ હોય છે. એ એટલું જ સત્ય છે. અને પરિશ્રમ થકી ભાગ્યને ય બદલી શકાય છે. મારા અભ્યાસથી હું સમજ્યો છું કે આપણામાં સૌથી મોટો પ્રોબ્લેમ હોય તો એ એ છે કે આપણી સામે જ્યારે પણ કોઇ નવી વાત આવે ત્યારે આપણે એને શંકાની નજરે જોઇએ છીએ. મૂલવીએ છીએ. પરિણામે એ વાત આપણે જે રીતે સમજવી જોઇએ તે રીતે સમજી શકતા નથી. કેમ કે એ સમજતી વખતે આપણી બુદ્ધિના દરવાજે જ શંકાનો એક મોટો કીડો બેઠો હોય છે જે પોઝિટીવ સમજણને અંદર જવા દેતો નથી અને નકામા નેગેટિવ વાયરસો ઊભા કરીને આપણા માનસને બગાડે છે આપણને યથાવત પરિસ્થિતિમાં જ રાખે છે. અને આપણે આવેલી તકને ગુમાવી દઇએ છીએ. હું માનું છું કે આવું તમારી સાથે કેટલીયે વાર બન્યું હશે જ. અને માણસમાત્રનો સ્વભાવ છે કે જે વસ્તુંમાં એક વાર છેતરાયા હોય એમાં ફરીવાર ના પડવું. અથવા જે ધંધામાં એક વાર નિષ્ફળ ગયા હોઇએ એમાં ફરીથી પ્રયત્ન ના કરવો. આવી બધી માન્યતા કે સમજણ લઇને આપણે જીવતા હોઇએ છીએ જે રીતે લાખો કરોડો લોકો જીવે છે.

મિત્રો, આપણે કદી નવું વિચારતા જ નથી. જે જિંદગી મળી છે, જે પરિસ્થિતિ મળી છે જે શિક્ષણ મળ્યું છે અનુભવો મળ્યા છે, જે સંસ્કાર મળ્યા છે જે સમજણ મળી છે એ બધુ લઇને આપણે વર્ષોથી ખુબ ઓછી આવકમાં જીવતા રહ્યા છીએ. દસ વીસ હજાર કમાવવા માટે સખત મહેનત કરીએ છીએ. દિવસના ૧૫/૧૬ કલાક નોકરી કે ધંધો કરીએ છીએ તો પણ પુરું થતું નથી. સંતાનોની સ્કૂલ ફી, હોસ્પિટલના ખર્ચા, આ મોંઘવારીમાં ઘરના ત્રણ ચાર વ્યક્તિનું પુરું કરવું કે એક બેડરૂમના નાના મકાનના હપ્તામાં જ આપણી મોટાભાગની ઉંમર વિતી જતી હોય છે. બાળપણથી જ સંજોગો, પરિસ્થિતિ અને એને કારણે આપણામાં વિકસેલી અસમજણ આપણને ક્યારેય આગળ વધવા દેતી નથી. કે નવું સાહસ કરવા દેતી નથી. કેમ કે આપણી બુદ્ધિને દરવાજે ૨૪ કલાક શંકાનો એક મોટો કીડો બેઠો જ હોય છે. અને આ કીડાને સોમાંથી બે ચાર લોકો જ મારી શકતા હોય છે જે આપણી આસપાસ હોય છે આપણા કરતા ઓછી આવડત હોવા છતાંય આપણા કરતા વધુ કમાતા હોય છે.

મિત્રો, આજે ૨૧મી સદીમાં બધુ જ બદલાઇ રહ્યું છે. જે એક સમયે એસ.ટી.ડી. પીસીઓની બોલબાલા હતી, ફોન કરવા માટે લાંબી લાંબી લાઇનો લાગતી હતી તે બિઝનેશનું આજે ક્યાંય નામોનિશાન નથી રહ્યું. આવા ઘણા બિઝનેશ છે જે આજે લૂપ્ત થઇ રહ્યા છે. આજે મોટાભાગનો બિઝનેશ ઓન લાઇન થઇ રહ્યો છે. આજે જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ ઓન લાઇન મળે છે. તૈયાર જમવાનું પણ ઓનલાઇન બુકિંગ થાય છે. જેની પાસે પોતાની એક પણ કાર નથી એ ''ઉબેર'' કંપનીમાં લાખો કાર દોડે છે અને કરોડોનો બિઝનેશ કરે છે. અત્યાર સુધી જે દુનિયાનો સૌથી અમીર વ્યક્તિ '' બિલ ગેટ્સ '' ગણાતા હતા તેના બદલે હવે જેફ બેઝોસ ગણાય છે જેઓ ઓન લાઇન શોપિંગ અને ઇ-કોમર્સનો બિઝનેસ કરે છે આ વ્યક્તિ એમેઝોનના માલિક પણ છે. બિલ ગેટ્સ બીજા નંબરે અને ફેસબૂકનો યુવાન સર્જક માર્ક ઝૂકેરબર્ગ પાંચમાં નંબરે છે. (ગુગલ જ્ઞાન)

મિત્રો, આ શું બતાવે છે ? એક વિચાર, એક આઇડિયા, એક સાહસ, એક નિર્ણય, એક નિશ્ચય આપણી આખી દુનિયા બદલી શકે છે. હવે ધંધાની પદ્ધતિ બદલાઇ છે. રીત બદલાઇ છે. કોઇ મોટો બિઝનેશ કરવા જરૂરી નથી કે લાખો કરોડો રૂપિયાનું રોકાણ કરવું જ પડે, જરૂરી નથી કે ૨૫/૫૦ લાખ નાખીને કોઇ દુકાન કે બ્યુટીપાર્લર કે રેસ્ટોરન્ટ ખોલો તો જ રૂપિયા કમાઇ શકાય. આજે દુનિયામાં ઘણા બિઝનેશ એવા છે કે એકદમ ઓછા રોકાણમાં લાખો કરોડો રૂપિયા કમાઇ શકાય છે. આજે ઓનલાઇન બિઝનેશમાં સ્કૂલોમાં અભ્યાસ કરતા છોકરાઓ ઘેર બેઠા લાખો રૂપિયા કમાય છે. જેમની પાસે માત્ર એક લેપટોપ સિવાય કશું જ નથી. પરંતુ આપણે હજીયે એ જ જુની પરંપરામાં, સમજણમાં જીવીએ છીએ. આપણે માનીએ છીએ કે ૨૫/૫૦ લાખની લોન લઇને કે ઘરના રોકીને કોઇ દુકાન ખોલીએ એને જ બિઝનેશ કહેવાય. અને આ બિઝનેશ હરકોઇ કરી શકતા નથી તેથી આવી દુકાનમાં કે કોઇ કંપનીમાં કે શૉરૂમમાં કે મોલમાં આપણે એકદમ ટૂંકા પગારમાં નોકરીએ લાગી જઇએ છીએ. અને આપણી સંઘર્ષયાત્રા શરું થાય છે. બે, પાંચ, દસ વર્ષ આમ જ નીકળી જાય છે પણ આપણે આપણા વિચારો, અસમજણ ત્યજી શકતા નથી. આપણી માન્યતાઓ છોડી શકતા નથી. કારણ આપણી બુદ્ધિના દરવાજે બેઠેલો પેલો શંકાનો મોટો કીડો. આપણે કોઇ કંપનીના માલિકની માટે ૧૨/૧૫ કલાક કામ કરીને રોજના માંડમાંડ બસો ત્રણ સો કમાઇએ છીએ. અને આપણા જેવા ૨૫/૫૦ કે ૧૦૦/૨૦૦ કારીગરોની મહેનતને કારણે એ માલિકો સ્માર્ટવર્કથી રોજના હજારો, લાખો કમાતા હોય છે. કેમ કે આજે સ્માર્ટવર્કનો યુગ છે. ફિઝિકલી મહેનતને બદલે બુદ્ધિની તાકાતથી, ટીમવર્કની તાકાતથી રૂપિયા કમાવવાનો યુગ છે. ધારો કે આપણી કોઇ કંપની છે અને એમાં આપણી નીચે માત્ર ૫૦ લોકો જ રોજના ૮/૧૦ કલાક કામ કરે છે તો ય આપણી માટે રોજના ૪૦૦/૫૦૦ કલાકો થાય જેનું વળતર આપણને હજારો/લાખોમાં મળે છે. પણ આવું વિચારવાવાળા કેટલા ? દુનિયામાં જે કોઇ અમીરલોકો છે તેઓ પોતાની મહેનતથી અમીર નથી થયા પણ પોતાની નીચે કામ કરવાવાળા માણસોની મહેનતથી અમીર થયા છે. ટીમવર્કથી અમીર બન્યા છે. આજે દુનિયામાં અને હવે તો ભારતમાં પણ એવા અનેક બિઝનેશ શરું થયા છે જેમાં આપણે આપણી મહેનતથી ટીમ બનાવીને હજારો/લાખો કમાઇ શકીએ છીએ. પણ આપણી માનસિકતા દુકાન, કંપની, પેઢી કે ફેકટરીની નોકરીની માનસિકતામાંથી બહાર જ નથી આવતી. આખી દુનિયા બદલાઇ ગઇ, આપણી સંસ્કૃતિ સુદ્ધા બદલાઇ રહી છે, બધી ટેકનોલોજી બદલાઇ રહી છે. બિઝનેશની વ્યાખ્યા બદલાઇ રહી છે પણ બિઝનેશ વિશેના આપણા વિચારો બદલાતા નથી, સમજણ બદલાતી નથી. અને પરિણામે આપણે દસ વીસ વર્ષ પહેલા જ્યા હતા આજે પણ ત્યા જ છીએ. આપણી પરિસ્થિતિમાં કોઇ ફરક પડ્યો નથી. આપણે મોટેભાગે મોટા કામ એટલે કરી શકતા નથી હોતા કે એ કામ કરવાની આપણે હિંમત નથી કરતા. દરેક વખતે જુદા જુદા ધંધામાં નિષ્ફળ જવું એના કરતા એક ને એક ધંધામાં બે ચાર વાર નિષ્ફળ જવાથી – આત્મનિરીક્ષણ કરવાથી એ ધંધામાં જ જોરદાર રીતે સફળ થઇ શકાય છે પણ આપણે એવું કરવાની હિંમત અનેમાનસિકતા ધરાવતા હોતા નથી. કારણ કે નિષ્ફળતા એ જ સફળતાનું પ્રથમ પગથિયું છે.

તો આવો, આપણે સૌ સાથે મળીને આપણી દુનિયા બદલીએ. જીવનમાં કંઇક પરિવર્તન લાવવાની હિંમત કેળવીએ, આપણા સૌના જીવનમાં એક એવી તક આવે જેની કદાચ આપણે વર્ષોથી રાહ જોઇ રહ્યા હોઇએ. અથવા એ તક આપણી રાહ જોઇ રહી હોય. અને એ તકને ઓળખવાની ઈશ્વર આપણને સૌને શક્તિ આપે.

- 9426060601.india@gmail.com

'આપ'ની હેટ્રિક...!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

આ વાંચતા હશો ત્યારે રવિવારના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે સતત ત્રીજીવાર શપથગ્રહણ કરી રહ્યા હશે. આ એ જ રામલીલા મેદાન છે કે જ્યાં અન્ના હજારેની સાથે મળીને અરવિંદ કેજરીવાલે લોકપાલ આંદોલન ચલાવેલું, મોટી મોટી સભાઓ કરેલી, ભ્રષ્ટાચાર વિરુદ્ધ આહલેક જગાવેલી. એ અલગ વાત છે કે એ જ રામલીલાના મેદાન પર અન્ના હજારેના સાનિધ્યમાં આ જ અરવિંદ કેજરીવાલે રાજકારણમાં જવાની ચોખ્ખી ના પાડી દીધેલી. પણ શું છે કે પ્રજાના કલ્યાણ માટે તેઓ રાજકારણમાં આવ્યા અને નસીબની બલિહારી જુઓ કે આજે હેટ્રિક સાથે ત્રીજીવાર દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. આજે અન્ના હજારે હાંસિયામાં ધકેલાઈ ગયા છે અને ઈવન એ વખતે કેજરીવાલ સાથે એ લડતમાં ભાગ લેનારા આશુતોષ, કુમાર વિશ્વાસ અને બીજા ઘણા લોકો આપ પાર્ટી અને કેજરીવાલથી દુર થઈ ચુક્યા છે ત્યારે સતત ત્રીજીવાર જીતની હેટ્રિક મારનાર અને ભાજપ અને મોદીના કરિશ્માને ટક્કર આપવા બદલ આપ અને કેજરીવાલ અભિનંદનને પાત્ર તો છે જ એમાં કોઈ બેમત નથી જ.

દિલ્હીની આ વખતની ચૂંટણી ભલે ત્રિપાંખીયા હતી પણ ખરી લડાઈ તો ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે જ હતી, અને આનો પુરાવો ૧૧મી એ ચૂંટણીના પરિણામો આવતા જ આવી ગયો કે જ્યાં આપ ઐતિહાસિક સફળતા સાથે ૭૦માં થી ૬૨ બેઠકો અને ભાજપના ખાતે માત્ર ૮ બેઠકો જ આવી અને ૧૦૦ વર્ષથી પણ જુના કોંગ્રેસ પક્ષને મળ્યું મોટું મીંડું...!!! ખેર અહી કોંગ્રેસની હારની તો ચર્ચા કરવાની જરાયે જરૂર એટલા માટે નથી લાગતી કે ખુદ કોંગ્રેસ પાર્ટી જ હારના વિશ્લેષણ માટે બહુ તૈયાર હોય એવું લાગતું નથી નહિતર સતત બીજીવાર સીટના નામે બીગ ઝીરો ના આવે. તો હવે વધ્યા બે પક્ષ – આપ અને ભાજપ..!!! અને દિલ્હીનો જંગ આ બન્ને પક્ષ માટે જીતવો જરૂરી હતો. કેમકે નજીકના ભૂતકાળમાં જ મહારાષ્ટ્ર અને એનાથી થોડા અગાઉ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છતીસગઢ ગુમાવનાર ભાજપ માટે દિલ્હી જીતવું એટલા માટે પણ જરૂરી હતું કે જેથી એકાદ વર્ષમાં આવનારી બીજા રાજ્યોની ચૂંટણીઓ કે જેમાં બંગાળ અને બિહાર પણ સામેલ છે એના પહેલા આ જીતથી પક્ષ, કાર્યકરો અને જે તે રાજ્યમાં જીતવાના ચાન્સીસને બુસ્ટ મળી જાય અને એટલે જ ભાજપે લગભગ બધા જ પ્રકારના હથકંડા આ ચૂંટણી માટે અજમાવ્યા.

સામે છેડે આપ અને અરવિંદ કેજરીવાલ એમણે કરેલા પ્રજાકીય અને વિકાસના કામો પર મુસ્તાક હતા. અહી આપ સરકારના વિકાસકાર્યો પર બહુ બધા મતભેદો દેખાતા હતા ખાસ તો ' મફત ' સ્કીમની ચર્ચા આખાયે દેશમાં ચાલી. કેજરીવાલ સરકાર ટેક્સપેયરના પૈસા આવી મફત સ્કીમોના નામે લુંટાવે છે એવો પણ પ્રચાર થયો. જો કે હકીકત ત્યારે સામે આવી કે જ્યારે એક સરકારી રીપોર્ટમાં એવું કહેવામાં આવ્યું કે દિલ્હી સરકારની તિજોરી સરપ્લસ છે અને જીડીપી પણ દેશના બીજા રાજ્યો કરતા બહેતર છે. આપની સ્ટ્રેટરજી એકદમ સિમ્પલ હતી. પાછલા પાચ વર્ષમાં દિલ્હીમાં શિક્ષણ, પાણી, વીજળી, રોડ, રસ્તા, પુલ અને આરોગ્ય પર જેટલું પણ કામ કર્યુ છે એના આધારે જ જનતા પાસે મત માંગવા નીકળવું. પહેલી ટર્મમાં ૪૯ દિવસ અને બીજી ટર્મમાં પાંચ વર્ષ કામ કરી ચુકેલી આપ સરકાર પાસે પ્રજા પાસે મત માંગી શકાય એટલા અને એવડા કામો તો કરેલા એટલે આ રણનીતિ બરાબર હતી. જ્યારે સામે છેડે ભાજપ લગભગ ૨૦ વર્ષોથી દિલ્હીની સત્તાથી બહાર છે અને દેશલેવલે નરેન્દ્ર મોદી સર્વમાન્ય અને લોકપ્રિય નેતા હોવા છતાં પણ દિલ્હીની લોકલ જનતાને બતાવી શકાય એવું કશું કામ કરવાનો મોકો સ્વાભાવિકપણે સત્તા નહિ હોવાથી હતો જ નહિ એટલે ભાજપે રાષ્ટ્રવાદ અને કેજરીવાલ પર પર્સનલ એટેકનો રાહ પકડ્યો જેમાં નેતાઓના બકવાસોએ પ્રચારને બિનજરૂરી રીતે ખોટી બાજુ ધકેલ્યો. નો ડાઉટ હજુ હમણાં જ પૂરી થયેલી સંસદની ચૂંટણીમાં સાતે સાતે સીટ મેળવી ચૂકેલ ભાજપને એમ લાગતું હતું કે નરેન્દ્ર મોદીની વિકાસની રાજનીતિ અને પાર્ટીની રાષ્ટ્રવાદની રાજનીતિ દિલ્હીમાં બમ્પર જીત અપાવશે પણ દાવ ઉલટો પડ્યો. તો સામે છેડે કેજરીવાલ કોઈનો પણ વિરોધ કર્યા વગર અને શાહીનબાગ જેવા સંવેદનશીલ મુદ્દે પણ કશું જ સ્ટેન્ડ લીધા વગર માત્ર ને માત્ર પોતે પુરા કરેલા વાયદાઓ અને પુરા કરવા ધારેલા વાયદાઓને વળગી રહ્યા અને એમાં દિલ્હીની જનતાએ વિશ્વાસ પણ મુક્યો. જો કે ખરેખર એવું નહોતું કે કેજરીવાલે દિલ્હીમાં બધું ફર્સ્ટક્લાસ જ કરી નાખ્યું હતું. કેજરીવાલના દાવાથી વિપરીત ઘણીં જગ્યાએ મહોલ્લા કલીનીકનો અભાવ, પાણીની તંગી જેવા પ્રોબ્લેમો છે જ. ગયા વખતે કરેલા મોટાભાગના વાયદા પણ અપૂર્ણ હતા એવામાં ભાજપે એ તરફ પ્રચારમાં ધ્યાન આપવાની જરૂર હતી. ખેર ભાજપના ઉંધી લાઈને ચડી ગયેલા પ્રચારનો સ્માર્ટલી લાભ લઈને કેજરીવાલે સામાન્ય માણસને પડતી કાયમી તકલીફો જેવી કે શિક્ષણ – આરોગ્ય અને વીજળી-પાણી માટે પોતે લીધેલા મહતમ પગલાઓને ગણાવતા રહ્યા અને એ જ પ્રચારે કેજરીવાલને ફરી સિંહાસને બેસાડ્યા છે. દિલ્હીની ચૂંટણીએ ફરી એકવાર સાબિત કરી બતાવ્યું કે હવેથી રાજ્યની ચૂંટણીઓ મોટેભાગે સ્થાનિક મુદ્દા અને કરંટ સરકારના કામકાજ પર લડાવાની છે. છેલ્લી ઘણી વિધાનસભા ચૂંટણીઓથી રાષ્ટ્રીય મુદ્દા પર સ્થાનિક મુદ્દાઓ ભારી પડ્યા છે અને દિલ્હીનું રીઝલ્ટ આનો ઓર એક પુરાવો છે. ભાજપ માટે ભલે સત્તા ના મળી પણ એક વાતનો સંતોષ લઈ શકે એમ છે કે એમની સીટોમાં વધારો થયો છે.

ખેર પડકાર હવે જ શરુ થવાનો છે. શાહીનબાગ વખતે કોઈ કલીયર સ્ટેન્ડ ના લઈને કે હનુમાનજીના દર્શન કરવા જવા જેવા આચરણોથી હિંદુ-મુસ્લિમ બધાને સાથે લઈને ચાલવાની કેજરીવાલની નીતિ સફળ તો થઈ છે પણ વાયદાપત્રમાં રાખેલા મુદ્દાઓ જેમાં મહતમ સગવડ મફત આપવાની વાત છે એને લાગુ કરવું આવનાર સમયમાં પડકારરૂપ તો રહેશે જ સાથે સાથે દિલ્હીને પૂર્ણ રાજ્ય બનાવવા માટેની લડત પણ ચલાવવી પડશે. દિલ્હીની હેટ્રિક સાથે ફરીથી આપ ને રાષ્ટ્રીય રાજકારણમાં જંપલાવવાની ચાનક ચડી હોય એવા સમાચાર છે. આ અગાઉ ખુદ કેજરીવાલ ૨૦૧૪મા વારાણસીથી મોદી સામે હારી ચુક્યા છે તો ૨૦૧૪ની લોકસભામાં ૪ અને ૨૦૧૯મા ૧ સીટ જીતી શક્યા છે, ૨૦૧૭મા ગોવા – ૨૦૧૮મા મધ્યપ્રદેશ અને ૨૦૧૯મા હરિયાણા ચૂંટણી લડીને પોતાની બધી સીટોની જમાનત જપ્ત કરાવી ચુક્યા છે. ૨૦૧૯મા સંસદમાં દિલ્હીની સાતે સાત સીટ ગુમાવ્યા પછી જેમ કેજરીવાલને જ્ઞાન આવેલું કે 'દિલ્હી સાચવો નહિતર દેશ લેવા જતા દિલ્હી ખોવાનો વારો આવશે '..!! એમ જ બીજે દોડવા કરતા દિલ્હીનું ધ્યાન રાખે એ જ આપ માટે બહેતર છે. ખેર દિલ્હીનું પરિણામ દેશની રાજનીતિમાં કેટલા હદે અને ખાસ તો પાર્ટીઓની ચુનાવ રણનીતિમાં કેટલું અસર કરે છે એ તો આવનારો સમય જ કહેશે પણ કેજરીવાલ દિલ્હીની જનતાને હજુ વધુ સારી સુવિધાઓ – સગવડો આપતા રહે એ જ એમને જીતાડનાર દિલ્હીની જનતાની અભિલાષા હશે.